सत्यम् ऋतम् बृहत्

# ભૂલકાંઓનો ખજાનો

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

ચાલો, આપણે દેશમાં સૌપ્રથમ પહેલ કરનાર ગુજરાતના શિક્ષણના નવા આયામ તરફ દૃષ્ટિપાત કરીએ....

### દર્શન (Vision)

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું દર્શન ત્રિપરિમાણીય છે.

(ક) આજનાં બાળકોને ભાવિ નિર્માતા બનાવવા માટે સજ્જ કરવાના છે, એવું ભાવિ કે જે સ્પર્ધાત્મક વૈયક્તિકવાદને સ્થાને વૈયક્તિક સ્વાતંત્ર્ય, સાર્વત્રિક સમતાવાદ અને વૈશ્વિક તેમજ આધ્યાત્મિક બંધુતાના સમન્વયનું દ્યોતક હોય.

(ખ) આવું ભાવિ નાસ્તિકતા/સંશયાત્મક થકી પંગુ બનાવતાં તત્ત્વોથી અને જિજ્ઞાસાને સામાન્યતઃ અવરોધતાં તત્ત્વોથી પણ વિમુક્ત હશે અને ઉચ્ચતમ આધ્યાત્મિક સત્યો અને ભૌતિક જીવનમાં તેના અનુભવો પામવાની તીવ્ર ઉત્કંઠાથી વિકાસને વેગ મળશે.

(ગ) ભાવિ નૂતન જગત ભૌતિક જીવનનું ખેડાણ કરી તેને આર્થિક રીતે વધુ સમૃદ્ધ કરશે અને વેઠ, શોષણ અને ગુલામીને નિર્મૂળ કરીને જ્યાં પણ ગરીબી હશે તેને દૂર કરશે, સાથોસાથ ઉદાત્ત ચારિત્ર્ય નિર્માણ, આત્મગૌરવ અને અવિરત સશક્તિકરણને ઉત્તેજન આપશે.

### ધ્યેય (Mission)

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો ઉદ્દેશ બાળક અને તેના ભાવિ સંબંધી સંશોધનનાં વિશાળ ક્ષેત્રોને હાથ ધરવાનો રહેશે કે જેથી ગુજરાત રાજ્યમાં તેમજ અન્યત્ર પણ કાર્યસાધક ત્રિપરિમાણીય કાર્યક્રમના નિર્માણના હેતુ માટે સંશોધનનાં પરિણામોનું ખેડાણ કરી શકાય.

(ક) પ્રત્યેક બાળક મહત્ત્વનું છે.

(ખ) વિજ્ઞાન અને આધ્યાત્મિક પ્રેરકબળ હેઠળ વૈજ્ઞાનિક વાસ્તવવાદ અને સૌંદર્યલક્ષી સર્જનાત્મકતાનું ઐક્ય સાધી શકાય તેવી રીતે બાળકનો સુગ્રથિત વિકાસ.

(ગ) કોઈ પણ બાળક વંચિત ન રહે તેવાં જ્ઞાન, સ્વાતંત્ર્ય અને સમૃદ્ધિના નૂતન વિશ્વના નિર્માણના કાર્યમાં ઈતિહાસના પાઠોના ગહન અભ્યાસ દ્વારા પૂર્વ અને પશ્ચિમ, પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય.

– બિપિન ભટ્ટ
રજિસ્ટ્રાર
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

કિંમત : રૂ. ૨૫.૦૦